**<u>રીઢા ઘરફોડ ચોર આરોપીઓને રોકડા રૂ. ૧૨,૭૫,000/- , કાર, મો.ફોન, ઘરફોડના સાધનો સહીત કુલ રૂ. ૧૫,૭૫,૨૫૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.</u>**

સુરત શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અલગ-અલગ ઘરફોડ ચોરીના ગુનાઓ આચરતા ચોર ઇસમોની તપાસ બાબતે તેમજ ભુતકાળમાં આ પ્રકારની ઘરફોડ ચોરીઓ આચરનાર પકડાયેલ ચોર ઇસમોની વોચમાં રહી આ પ્રકારના ગુનાઓ શોધી કાઢવા અંગે ડી.સી.બી. પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ ઘરફોડ ચોરીના ગુનામાં અગાઉ પકડાયેલ આરોપીઓ કે જેઓ હાલમાં જામીન ઉપર હોય અને પોલીસની નજર બહાર હોય તેવા ગુનેગારોની માહીતી મેળવી તેમના ઉપર વોચ રાખેલ.

ઉપરી અધિકારીશ્રીઓના માર્ગદર્શન હેઠળ વર્ક-આઉટ દરમ્યાન પો.સ.ઇ. નાઓની ટીમનાઓને બાતમીદારો મારફતે હકીકત મળેલ કે, "અગાઉ એકાદ વર્ષ પહેલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ વૈભવ સાકરીયા, રાહુલ ઠાકોર નામના ઇસમો હાલમાં આઇ-૨૦ કાર નંબર GJ-05-CP-2853 લઇને દિવસ દરમ્યાનમાં મોલ/કોમ્પલેક્ષ/બિલ્ડીંગ જેવી કોમર્શીયલ ઇમારતોમાં બિલ્ડર/ ફાયનાન્સર/ સી.એ./ વકીલની ઓફીસો આગળ રેકી કરી રાત્રે ટાર્ગેટ કરી રોકડા રૂપીયાની ચોરી કરે છે અને આજરોજ પણ તેઓ સુરત શહેરમાં વી.આઇ.પી. રોડ, વેસુ તરફ ઓફીસોની રેકી કરવા માટે ફરી રહ્યા છે " જે બાતમી હકીકત આધારે પો.સ.ઇ. નાઓ તેમની ટીમના માણસો સાથે બાતમીના સ્થળે પહોંચી જઇ બાતમી મુજબની આઇ-૨૦ કારને વેસુ, વી.આઇ.પી. રોડ સી.બી.પટેલ ગ્રાઉન્ડ સામે રોડ ઉપરથી પકડી પાડી આરોપીઓ (૧) વૈભવ ઉર્ફે જાડીયો ઉમેદભાઇ સાકરીયા ઉ.વ.૨૯ રહે. ૩૪, શ્રી કલ્યાણ રેસીડેન્સી, હંસદેવ વીલા સોસાયટીની સામે, કામરેજ ગામ, જી.સુરત (૨) રાહુલ સોમાભાઇ ઠાકોર ઉ.વ. ૨૫ રહે. ૨૮, શ્રી કલ્યાણ રેસીડેન્સી, હંસદેવ વીલા સોસાયટીની સામે, ગલતેશ્વર રોડ, કામરેજ ગામ, જી.સુરત તથા (૩) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરને **<u>રોકડા રૂ.૧૨,૭૫૦૦૦/-,મો.ફોન નંગ-૦૪ ના રૂ.૫૦,૦૦૦/- તથા આઇ-૨૦ કારના રૂ. ૨,૫૦,૦૦૦/- તથા પંચીસ પાનુ(વાંદરી પાનુ) અને ડીશમીશ (પેચ્યુ) ના રૂ. ૨૫૦/- મળી કુલ્લે રૂ.૧૫,૭૫,૨૫૦/- નો મુદ્દામાલ સાથે</u>** ઝડપી પાડી રોકડા રૂ.૧૨,૭૫,૦૦૦/- બાબતે ઝીણવટ પૂર્વક પુછપરછ કરતા વેસુ ખાતે આગમ એમ્પોરીયમ બિલ્ડીંગના સંપત ડેવલોપર્સની ઓફીસમાંથી રોકડા રૂ. ૩૦,૦૦૦,૦૦/- (૩૦ લાખ) ની ઘરફોડ ચોરી કરેલ તેના રૂપીયા હોવાની કબુલાત કરેલ છે.

આજ પ્રકારે તેઓએ આજથી આશરે બે મહીના પહેલા મોટા વરાછા તરફ ઉત્રાણ પાવર પાસે એક બિલ્ડીંગમાં આવેલ ઓફીસમાંથી રોકડા રૂપીયાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. અને આજથી આશરે ત્રણેક મહીના પહેલા કામરેજ નજીક ખોલવડગામ પાસે એક કોમ્પલેક્ષમાં પહેલા માળે આવેલ ઓફીસમાંથી રોકડા રૂપીયાની ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જેમાં સુરત શહેર તથા કામરેજ ખાતે નીચે જણાવ્યા મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

**<u>ડીટેક્ટ ગુનાઓ:-</u>** (૧) ઉમરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૨૩/૧૮ ઇ.પી.કો. ૩૮૧ મુજબ (ત્રણેય વિરૂધ્ધ) (૨) અમરોલી પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૨૩/૧૮ ઇ.પી.કો. ૪૫૪, ૪૫૭,૩૮૦ મુજબ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૩) કામરેજ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૧૫૩/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ મુજબ (ત્રણેય વિરૂધ્ધ) (૪) પુણા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં. ૨૧/૨૦૧૭ ઇ.પી.કો. ૪૫૪, ૪૫૭,૩૮૦ મુજબ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૫) પુણા પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં. ૯૫/૨૦૧૭ ઇ.પી.કો. ૪૫૭,૩૮૦ મુજબ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ)

**<u>આરોપીઓનો ગુનાહીત ઇતિહાસ:- (આરોપીઓ નીચે મુજબના ગુનાઓમાં એક વર્ષ પહેલા પકડાયેલ છે.)</u>**

(૧) કાપોદ્રા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૨૪૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (ત્રણેય વિરૂધ્ધ) (૨) વરાછા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૬૦/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૩) વરાછા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં. ૨૯૪/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૪) સરથાણા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૧૪૩/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૫) સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૮૫/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦(વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૬)સલાબતપુરા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.નં.૩૧૭/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ અને રાહુલ વિરૂધ્ધ) (૭) રાજકોટ શહેર માલવીયાનગર પો.સ્ટે. ફર્સ્ટ ૨૬૨/૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ વિરૂધ્ધ) (૮) રાજકોટ શહેર માલવીયાનગર પો.સ્ટે. ફર્સ્ટ ૩૪૭/૧૫ ઇ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ (વૈભવ વિરૂધ્ધ)

**<u>ગુનાની એમ.ઓ</u>**. :- આરોપીઓ તથા બાળ કિશોર સુરત શહેરના અલગ-અલગ સ્થળોએ તથા કામરેજ વિસ્તારમાં કોમર્શીયલ ઇમારતો મોલ/ કોમ્પલેક્ષ/બિલ્ડીંગોમાં દિવસ દરમ્યાન રેકી કરી ફાઇનાન્સર/બિલ્ડર/સી.એ./વકીલ વિગેરેની ઓફીસો જોઇ તેમાંથી એકને ટાર્ગેટ કરી મોડી રાત્રે મોલ/ કોમ્પલેક્ષ/બિલ્ડીંગના પાઇપ વડે ઉપર ચઢી ટાર્ગેટ કરેલ ઓફીસોની સેક્શન બારી/બાથરૂમની બારીને ડીશમીશ/પેચ્યા વડે તોડી ઓફીસમાં પ્રવેશી અંદર ટેબલના ડ્રોઅરના લોક ડીશમીશ તેમજ પંચીસ પાનુ(વાંદરી પાનુ) વડે તોડી, ડ્રોઅરમાંથી રોકડા રૂપીયાની ચોરી કરી, ઘરફોડ ચોરીઓ કરતા હોવાની કબુલાત કરેલ છે.

## અમરેલી શહેરમાં નોંધાયેલ N.D.P.S. ના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી સુરત શહેર એસ.ઓ.જી.

સુરત શહેર વિસ્તારમાં નાસતા-ફરતા આરોપી પકડવા શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના અધિકારી.પો.માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી મળેલ કે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં આજથી ચાર વર્ષ પહેલા દાખલ થયેલ N.D.P.S. ના ગુન્હામાં આરોપી અશોકભાઈ દાનાભાઈ રાઠોડ ઉ.વ. ૨૯, રહે હાલ: વિઠ્ઠલનગર સોસાયટી, પ્લોટ નં.૩૯, ના ધાબા ઉપર, માતાવાડી, લંબે હનુમાન રોડ, વરાછા, સુરત. મુળ: ડેડાણગામ, તા:ખાંભા, જિ: અમરેલી, વાળો નાસતો ફરતો હોય અને તે હાલ "બરોડા પ્રિસ્ટેજ પાસે આવેલ મોહન નગરની ગલીમાં ઉભો છે. બાતમી આધારે વોચ ગોઠવી આરોપીને પકડી પાડી પુછપરછ કરતા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ખાત્રી કરાવતા આરોપી અમરેલી સીટી પોલીસ સ્ટેશનના II ગુ.ર.નં-૯૯/૨૦૧૪ NDPS એક્ટ ૨૦(બી),૨૯ મુજબના ગુનામાં નાસતો ફરતો હોવાનું જણાઈ આવેલ. જેથી મજકુર આરોપીની પકડી પાડી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

## અલગ અલગ રાજયોના જીમેઈલ યુઝર્સ તથા યુ-ટ્યુબ ચેનલ યુઝર્સના એકાઉન્ટ હેક કરી તેઓને આર્થિક નુકસાન પહોંચાડનાર આરોપીને ઝડપી પાડતી સુરત શહેર સાયબર ક્રાઈમ.

સુરત શહેરના અઠવાલાઈન્સ પો.સ્ટે. II ગુ.ર.નં. ૬૭૫/૧૮ આઈ.ટી.એકટ કલમ ૬૬(સી) ૬૬(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ જે ગુન્હામાં કોઈ અજાણ્યા ઈસમ દ્વારા આ કામના ફરીયાદીશ્રીનાઓનું ગુગલ આઈ.ડી.હેક કરવામાં આવેલ અને યુ ટ્યુબ ચેનલ અને પ્લે સ્ટોરનું જે ઓનલાઈન વર્ક ચાલતુ હતુ તે વર્કના નાણા મળતા બંધ થઈ ગયેલ અને તેઓને આર્થિક નુકસાન પહોચાડેલ સદર ગુન્હો સોશિયલ મીડીયા સબંધેનો હોય ટેકનીકલ સવેલન્સ આધારે શોધી કાઢવા સારૂ સાઈબર ક્રાઈમના પો.સ.ઈ. તથા ASI/પો.કો. નાઓ ગુન્હામાં સંડોવાયેલ આરોપીની તપાસમાં વડોદરા શહેર ખાતે આરોપી ભવદિપગીરી દિલીપગીરી ગોસ્વામી ઉ.વ.૨૦ રહે.ડી/૭૯, ગુણાતીતધામ સોસા., ગોપીનાથ શો રૂમની પાછળ અટલાદરા વડોદરા મુળ રહે- ભેટાવાડા તા:-ધોળકા જી-અમદાવાદ નાને શોધી કાઢી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે લઈ આવતા તેની પુછપરછ કરતા તેણે આ કામના ફરીયાદીશ્રી નાઓનું ગુગલ એકા. હેક કરી યુટ્યુબ ચેનલના રૂ ૧,૪૨,૪૧૪/- પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ફરીયાદીને આર્થિક નુકશાન પહોચાડેલ હોવાની કબુલાત કરેલ હોય અને તેના વિરૂધ્ધમાં પુરાવાઓ મળી આવતા આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરી વધુ તપાસ અર્થે અઠવા પો.સ્ટે. તરફ સોપવા તજવીજ કરવામાં આવેલ છે.

એમ.ઓ.

આરોપીએ ફરી.નો મોબાઈલ યુટ્યુબ ચેનલ ઉપરથી મેળવી મોબાઈલ નંબર ઉપર વોટસએપમાં સ્પોન્સરશીપની ઓફર આપી ફરી.શ્રીના યુ ટ્યુબ ચેનલ ફીસીંગ કરી ફરીયાદીનું જી-મેઈલ યુઝરનેમ તથા પાસવર્ડ આરોપીએ મેળવી તે જીમેઈલ એકા.પોતાના જીમેઈલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અને ફરીયાદીશ્રીનો બેંક એકાઉન્ટ નંબર કાઢી નાંખી તેની જગ્યાએ આરોપીએ તેનો બેંક એકા. નંબર લખી લીધેલ જેથી Google ADSENCE એકાઉન્ટમાંથી જે નાણા મળે તે આરોપીના બેંક એકાઉન્ટમાં જમા થતા હતા આ રીતેની ફરી.ની યુટ્યુબ ચેનલમાં તા:- ૨૪/૦૭/૧૮ ના રોજ રૂ. ૯૩,૯૫૧/- તથા તા.૨૭/૦૮/૧૮ ના રોજ રૂ. ૪૮,૪૬૩/- મળી કુલ્લે રૂ. ૧,૪૨.૪૧૪/- તેના એકાઉન્ટમાં જમા કરાવી ફરી.ને આર્થિક નુકશાન પહોચાડેલ.

આ રીતે આ કામના આરોપીએ અલગ અલગ રાજ્યોના અન્ય માણસોના જી-મેઈલ એકાઉન્ટ તથા યુટ્યુબ ચેનલ હેક કરેલ હોવાનું જણાઈ આવેલ.

## કોમ્બીંગ નાઈટ દરમ્યાન દેશી હાથ બનાવટની પીસ્ટલ તેમજ છ કાર્ટીઝ સહિત લાખોની રોકડ રકમ અને સોનાના દાગીના સાથે પરપ્રાંન્તીય ઈસમને ઝડપી પાડતી ક્રાઈમબ્રાંચ

સુરત શહેર વિસ્તારમાં કોમ્બીંગ નાઈટ દરમ્યાન સુરત શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારી/પોલીસ માણસો કોમ્બીંગ નાઈટમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મળેલ બાતમી આધારે લીમ્બાયત ગોડાદરા રોડ મંગલ પાંડે હોલની પાસેથી આરોપી ઋતુરાજસિહ આનંદબહાદુરસિહ ચૌહાણ ઉ.વ. ૪૨ રહે-૭૪, રામરાજ સોસા., રાકેશ યાદવના મકાનમાં ગોડાદરા –ડીંડોલી રોડ, સુરત મુળ રહે-મધ્યપ્રદેશ

વાળાને એક દેશી હાથ બનાવટની પીસ્ટલ તેમજ છ નંગ કાર્ટીઝ સહિત રોકડા રૂપિયા ૨૩,૬૫,૫૭૦/- તથા સોનાના દાગીના કુલ્લે વજન ગ્રામ ૧૧૧૧ તથા ચાંદીના દાગીના કુલ વજન ગ્રામ -૬૮૮ મળી કુલ્લે કિ. રૂ. ૩૦,૨૬૭૫૦/- ની મત્તા સહીત કુલ્લે રૂ. ૫૪,૦૮૧૨૦/- સાથે ઝડપી પાડેલ તેની પુછપરછ કરતા તે છેલ્લા અઢાર વર્ષથી સુરત ખાતે રોજગારી અર્થે આવેલ ત્યારથી સિક્યુરીટી મેન તરીકેની નોકરી કરતો આવેલ છે. હાલમાં તે લાલ દરવાજા વસ્તા દેવડી રોડ ઉપર આવેલ આર.ડી.એસ.એસ.સિક્યુરીટી કંપનીમાં છેલ્લા ત્રણ વર્ષથી નોકરી કરે છે. મજકુર જે સોસા., માં રહે છે. તે સોસા. માં એક વ્યંઢળ (કીન્નર) નામે પાયલકુવર સાથે છેલ્લા બાર વર્ષથી પરીચયમાં હોય અને આ પાયલકુવર તેના વ્યંઢળના ધંધાના રૂપિયા તેમજ દાગીના મજકુર પકડાયેલ ઘરમાં સલામત રહે તે હેતુસર રાખતી આવેલ આરોપી પાસેથી જે પીસ્ટલ તેમજ કાર્ટીઝા મળી આવેલ તે પણ (કિન્નર) પાયલકુવરે આરોપીને આપેલ હતી તા.૧૯/૦૪/૧૮ ના રોજ ખટોદરા પો.સ્ટે. । ગુ.ર.નં.૧૫૩/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૦૨ વિગેરે મુજબનો ગુન્હો જાહેર થયેલ જેમાં વ્યંઢળ સમાજ (કીન્નરો)ના વહેચાયેલ એરીયા બાબતે વ્યંઢળો વચ્ચે ઝઘડો થયેલ તેમાં (કીન્નર) પાયલકુવરને તેના સાગરીતો સાથે એક પિંકીબના નામના કીન્નરનું ખુન કરેલ ત્યારથી તે લાજપોર મધ્યસ્થ જેલમાં છે આ કીન્નર પાયલકુવર ખુનના ગુનામાં ઘણા સમયથી જેલમાં રહેલ હોય અને આરોપીએ તેના ઘરમાં આ પાયલકુવરે સલામતી માટે રાખેલ દાગીના તેમજ વ્યંઢળના ધંધાના રૂપિયા પોતાના વતનમાં મુકી આવવાનું નક્કી કરી તમામ રૂપિયા દાગીના અને હથિયાર એક કાળા કલરની બેગમાં મુકી પોતાના વતનમાં જવા નીકળેલ હતો દરમ્યાન મળેલ બાતમી આધારે ક્રાઈમબ્રાંચની ટીમે તેને પકડી પાડેલ આરોપીના કબ્જામાંથી મળી આવેલ રૂ. ૫૪,૦૮૧૨૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે લઈ આરોપી વિરૂધ્ધ આર્મ એક્ટ તેમજ અન્ય કલમો ગુન્હો નોંધી તેમજ પાયલકુવરને વોન્ટેડ જાહેર કરેલ છે.

## દેશી હાથ બનાવટના એક તમંચો તથા એક પીસ્ટલ સાથે એક ઇસમને ઝડપી પાડતી ડીંડોલી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફની ટીમ

સુરત શહેર ડીંડોલી પો.સ્ટેના અધિકારી/પો.માણસો અલગ અલગ ટીમ બનાવી પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનીચ્છનીય બનાવ ન બને તેમજ “અ” પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પ્રો.પો.સ.ઈ. જે.પી.સોલંકી તથા અ.પો.કો. સંતોષ રાજુભાઇ તથા અ.પો.કો. આનંદ રત્નાભાઇ નાઓને બાતમીના આધારે હકીકત મળેલ કે સંતોષ બિહારી નામનો ઇસમ કટો લઇને શ્રીનાથનગર ખાડી પાસે ઉભેલ છે જે બાતમીના આધારે આરોપી સંતોષ ઉર્ફે સંતોષ બિહારી સાધુશરણસીંગ જાતે રાજપુત ઉ.વ-૪૦ રહે- પ્લોટનં. ૪૩૭ શ્રીનાથનગર નવાગામ ડીંડોલી સુરત મુળવતન- ગામ-વરનામા, થાના-વારસલીગંજ જી-નવાદા (બિહાર) વાળાને પકડી પાડી તેની પાસેથી દેશી હાથ બનાવટની પીસ્ટલ તથા દેશી હાથ બનાવટનો તમંચો તથા જીવતા કાર્ટીઝ નંગ-૩ કબજે કરવામા આવેલ. મજકુર આરોપીને અટક કરી ડીંડોલી પોલીસ સ્ટેશન ॥ ગુ.ર.નં. ૧૮૫૨/૨૦૧૮ ધ આર્મસ એક્ટ કલમ ૨૫ (૧-બી) એ તથા જી.પી.એક્ક્ટ કલમ ૧૩૫ (૧) મુજબનો ગુનો દાખલ કરેલ. **(૧) કબજે કરવામા આવેલ હથીયાર;**(૧) દેશી હાથ બનાવટનો તમંચો નંગ-૧ કિ.રૂ.૨૫૦૦/-(૨) દેશી હાથ બનાવટની પીસ્ટલ નંગ-૧ કિ.રૂ.૭૦૦૦/-3) જીવતા કાર્ટીઝ નંગ-૩ કિ.રૂ. ૧૫૦/- **(૨) ગુનાહીત ઇતીહાસ:-** મજકુર ઇસમ અત્રેના પોલીસ સ્ટેશનમાં અગાઉ મર્ડરના ગુનામાં તથાઆર્મસ એક્ટના ગુનામાં તથાતથા દારૂના ગુનામાં પકડાયેલ છે.

## મર્ડરના ગુનામા નાસતાફરતા ઇસમને ઝડપી પાડતી ડીંડોલી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્ટાફની ટીમ

સુરત શહેર વિસ્તારમાં ડીંડોલી પો.સ્ટે ના પો.ઈ શ્રી વી.એમ.મકવાણા નાઓની આગેવાની હેઠળ ડીંડોલી પો.સ્ટે ના પોલીસ માણસોની અલગ અલગ ટીમ બનાવી ડીંડોલી પો.સ્ટે વિસ્તારમાં દાખલ થયેલ શરીર સબંધી ગુનાઓ તથા “અ” પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પ્રો.પો.સ.ઇ. શ્રી જે.પી.સોલંકી તથા બીજા પો.માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો. આનંદ રત્નાભાઇ તથા અ.પો.કો. જયેશભાઇ વેલાભાઇ નાઓને મળેલ બાતમીના આધારે આરોપી જયસુખભાઇ ઉર્ફે મોટો S/O વિનુભાઇ સુવાળા ઉ.વ.૪૨ રહે. બિલ્ડીંગનં. ૭/બી રૂમનં. ૨૪માનસરોવર આસપાસ ગોડ્દાદરા લિંબાયત સુરત મુળવતન- વાલ્મીક આવાસ જેસર રોડ, તા-સાવરકુંડલા જી-ભાવનગરવાળાને પકડી પાડી મજકુર ઇસમને અટક કરેલ જે. અત્રેના ડીંડોલી પો.સ્ટે માં । ગુ.ર.નં. ૨૨૨/૨૦૧૮ ઇ.પી.કો. કલમ ૩૦૨,૩૪ મુજબ ના ગુંહોનાઓ આરોપી હોય જે ગુંહો વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

## અઠવા સગરામપુરા સુરજી ભગતની વાડીમાં થયેલ મર્ડરમાં સંડોવાયેલ એક આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળ કિશોર સહિત કુલ ત્રણનાઓને ઝડપી પાડતી સુરત શહેર પી.સી.બી./ એસ.ઓ.જી. ટીમ

સુરત શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા અંગે પી.સી.બી. તથા એસ.ઓ.જી. ના અધિકારી/પો.માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાના અઠવા પોલીસ સ્ટેશન I ગુ.ર.નં.૧૭૧/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૦૨, ૩૦૭, ૩૨૪, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબના ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓ સબંધે મળેલ બાતમી આધારે આરોપી (૧)રમેશ ઉર્ફે પોપટ S/O બચુભાઈ ઢોળીયા પટેલ.ઉ.વ.૪૭ રહે.ઘર નં.૦૨, સુરજી ભગતની વાડી (લક્ષ્મીનારાયણની વાડી) પંચશીલ બેંકની ગલીમાં સગરામપુરા અઠવા સુરત નાઓ તથા કાયદા સંઘર્ષમાં આવેલ અન્ય બે બાળ કિશોરને પકડી પાડી પાડેલ જે ગુન્હો વણશોધાયેલ હોય જે શોધી કાઢી પ્રસંશનિય કામગીરી કરવામાં આવેલ છે.

## વરાછા પો.સ્ટે. વિસ્તારમાં સરકારી અનાજની ચોરી કરતા આરોપી પકડી પાડતી વરાછા પોલીસ.

સુરત શહેર વરાછા પો.સ્ટે. વિસ્તારમાં સી.સાર.પી.સી. કલમ- ૪૧(૧) ડી ની તપાસ દરમ્યાન પો.સ.ઈ.એ.કે.કુવાડીયા I/C સર્કલ -૯ રિજિયન-૩, ટ્રાફીક શાખા નાઓ તથા ટી.આર.બીના માણસો. સાથે સરકારી જીપ્સી સાથે વૈશાલી ત્રણ રસ્તા પાસે ટ્રાફીક નિયમનની ફરજ પર હાજર હતા તે દરમ્યાન ટાટા એ.એસ.ટેમ્પો જેનો રજી.નં- GJ-05-BX-9059 નો ચાલક ગીતાંજલી ત્રણ રસ્તા તરફથી પોતાનો ટેમ્પો હંકારી આવતા સદર ટેમ્પાના દસ્તાવેજ ખાત્રી ખરાઈ કરવા માટે રોકતા સદર ટેમ્પો ચાલકે તેનો ટેમ્પો ઉભો રાખેલ અને ટેમ્પામાં ડ્રાઈવર સહિત ત્રણ ઈસમો હોય, પો.સ.ઈ નાઓએ સદર ડ્રાઈવર પાસે ડ્રાઈવીંગ લાયસંસ તેમજ દસ્તાવેજો માંગી ટેમ્પામાં શું ભરેલ છે તેની ખરાઈ કરવા પાછળ જતા ટેમ્પો ડ્રાઈવર તથા એક અન્ય ઈસમ નાશી ગયેલ અને બાજુમાં બેસેલ ઈસમ ભાગવા જતા તેને પકડી લઈ ખાત્રી કરતા તેનું નામ મનિશ અમ્રુતલાલ અજમેરવાલા ઉ.વ.૪૨ રહે-વડોદગામ જીયાવ બુડીયા રોડ તા-ભેસ્તાન જિ-સુરતનો હોવાનું જણાવેલ અને સદરી ટેમ્પોમાં કુલ્લે ૪૫ કટામાં દરેક કટામાં ૫૦ કિ.ગ્રા. ઘઉ ભરેલ હોવાનું જણાવેલ જેથી ઘઉનું બીલ માંગી કયાંથી ઘઉ લાવેલ છે તેમ બે પંચોના માણસો રૂબરૂ વિગતે પુછતા ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમ લીમીટેડ નવાગામ જિલ્લો સુરતના વરાછા મેઈન રોડ ગીતાંજલી પાસે આવેલ ગોડાઉનના મેનેજર ભુપેન્દ્ર પરમાર નાઓની પાસેથી ગેર કાયદેસર રીતે પાંચ રૂપીયા પ્રતિ, કિલોના ભાવે લાવેલ હોવાની હકીકતના આધારે આરોપીના કબ્જામાંથી ઘઉના કટ્ટા નંગ-૪૫ જેની કિંમત તથા ટાટા છોટા હાથી ટેમ્પાની કિંમત તથા મોબાઈલ ફોન નંગ-૩ મળી કુલ્લે રૂપીયા ૪,૨૨,૬૫૦/- નો મુદ્દામાલ બાબતે ઉપરોકત આરોપી તથા અન્ય સહ આરોપી ભુપેન્દ્ર પરમાર નાઓના વિરૂધ્ધમાં સરકારી અનાજ ગેરકાયસેદર વેચાણ કરવા બદલ અત્રેના પો,સ્ટે, II ગુ.ર.નં-૧૮૧૯/૨૦૧૮ આવશ્યક ચિજવસ્તુ અધિનિયમ સને-૧૯૫૫ કલમ-૬ મુજબનો દાખલ કરવામાં આવેલ છે.